## રાજકોટના મહે.જયુડી. મેજી. ફ.ક.(ટ્રાફીક) સાહેબની કોર્ટ, રાજકોટ.

**ફોજદારી કેસ નં.૨૫૪૫/૧૮**

શ્રી સરકાર .....ફરીયાદી આંક–૬

વિરૂધ્ધ

હરેશભાઈ લવજીભાઈ કાનાણી ...... આરોપી

રોયલ પાર્ક શેરી નં.૭૦૧,

કાલાવાડ રોડ, રાજકોટ

**આરોપ :– એમ. વી. એકટ ૧૮૫**

:: **ઠ રા વ** ::

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપી તા..૧૦/૧૧/૧૭ ના રોજ પોતાના કબજાની એકસેસ મો.સા. નં.જીજે–૩ઈકયુ–૦૨૫૪ વાળી કેફી પ્રવાહી પીધેલ હાલતમાં ડ્રાઈવીંગ કરતા મળી આવી એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પાર વાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનુ છું. આરોપી સામેના આક્ષેપીત ગુનાનો પ્રકાર તેમાં સજાનું પ્રમાણ આરોપીની રજુઆત તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું મને વ્યાજબી અને ન્યાયીક જણાતુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

:: હુ ક મ ::

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ એમ.વી.એકટ કલમ–૧૮૫ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા )** દંડ કસુર બદલ દિવસ –૩૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. મુદામાલનો વચગાળાનો હુકમ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

તા.૨૨/૦૪/૨૦૧૮

(આર. એ. સીંઘ)
જયુડી. મેજી. ફ.ક.(ટ્રાફીક)
રાજકોટ.
કોડ નં. જી.જે.૦૧૦૮૯